Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




વૈશાખ
જેઠ

પુસ્તક ૯૧ મું

અંક ૭-૮ મો

૭ મી જુલાઇ

૧૯૭૫

વીર સંવત
૨૫૦૧

વિ. સંવત
૨૦૩૧

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૧ મું :: વાર્ષિક લવાજમ: પોસ્ટેજ સહિત ૬-૫૦

# अनुक्रमणिका


| ક્રમ | લેખ | લેખક | પા નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી મણિભદ્ર દેવની સ્તુતિ | ....સ્વ. મા. શામજી હેમચંદ દેસાઇ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | માર્ચ ૧૯૭૫માં લેવાયેલ એસ.એસ.સી પરીક્ષા | | ૮ |
| ૬. | હઠીલો પાપી | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ મ. | ૯ |
| ૭. | ઇંટ અને ઇમારત | ....અમરચંદ માવજી શાહ | ૧૦ |
| ૯. | સ્વર્ગવાસ નોંધ | .... | ૧૧ |
| ૧૦. | કવિ ચક્રવર્તિ શ્રી જયશેખરસૂરિજી ફાગુ | ....સં૦ મુનિ૦શ્રી કલાપ્રભસાગરજી મ | ૧૨ |
| ૧૧. | સિરસામથ્થ એણ વંદામિ | ....લે સ્વ. ડાયાભાઈ મોતીચંદ વકીલ | ૧૩ |
| ૧૨ | ગુરૂ પટ્ટાવલી ચૌપાઈ સંબંધી સપષ્ટીકરણ | .. લે. શ્રી અગર ચંદનાહટા | ૧૪ |
| ૧૩. | વિશ્વ માન્ય ધર્મ | .... શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૫ |
| ૧૪. | વિવેક | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૬ |


મારી પાસે એક શિષ્ય છે. કે જેને શિખવવું એ ભારેમાં ભારે કામ છે. અને શિક્ષણ આપવાથી હું તમારૂં (વિદ્યાર્થીઓનું) કે હિંદનું કે માનવ જાતનું ભલુ કરી શકીશ અને તે શિષ્ય હું પોતેજ છું જેને હુ મારૂ મન કહું છું.

**મહાત્મા ગાંધી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું
અંક ૭-૮ મો | વૈશાખ-જેઠ | વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૧

## શ્રી મણિભદ્ર દેવની સ્તુતિ

( ૧ )

ધારેલું સહુ કામ સિદ્ધ કરવા, છો દેવ સાચા તમે;
ને વિઘ્નો સઘળા વિનાશ કરવા, છો શકિતશાળી તમે.
સેવે જે ચરણો ખરા હૃદયથી, તેને ઉપાધિ નથી;
એવા શ્રી મણિભદ્ર દેવ તમને, વંદું ઘણા ભાવથી.

( ૨ )

દેવા સુખ સમસ્ત ભકતજનને, જે છે સદા જાગતા;
સેવાના કરનારના પલકમાં, કષ્ટો બધા કાપતા.
સિદ્ધિ સર્વ મળે અને ભય ટળે, આપે સદા સન્મતિ;
એવા શ્રી મણિભદ્ર દેવ નમતા, આનંદ થાયે અતિ.

—સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ

For Private And Personal Use Only

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ ) લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય સહેત્રાકોટિન તવન



ઋષભદેવ તો પોતાના શરીર ઉપર પણ નિરપેક્ષ એવા માનપણે વિહરવા લાગ્યા. તેમજ સાધુઓને કેમ વહોરાવવું, વિગેરેનો વિધિ કોઇ નહી જાણતું હોવાથી જ્યાં જ્યાં ભગવાન જતાં ત્યાં ત્યાંના લોકો ભગવાનને કાંઈ ઘોડા હાથી લક્ષ્મી વસ્ત્રોને કન્યાઓ અલંકારો વગેરે આપતું હતું ! પણ ભગવાન તેમાનું કશું પણ ગ્રહણ કરતા નહી. અને અંતરાય કર્મના ઉદયથી આહાર મળવા ન લાગ્યો કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે. આવા મહાન જૈન ધર્મના આદ્યસ્થાપક શ્રી ઋષભદેવ ભગવાનને પણ કર્મ ભોગવવું પડયું તો સામાન્ય માનવીનું કર્મ પાસે શું ગજું. ભગવાનની સાથે રહેલા કચ્છ અન મહા કચ્છ આદિ અન્ય સાધુઓ ભુખનું દુઃખ સહન કરવાથી તાપસ બની ગયા આવા વિકટ સમયમાં નમિ-વિનમિ દાદાજીની આજ્ઞા પૂર્ણ કરીને વિનિતા તરફ જવાને ત્વરાથી ધસ્યા જતા હતા જે ઇતિહાસ પ્રથમ પ્રકરણમાં આવી ગયા છે. વરસ દિવસ પર્યંત ઋષભદેવને આહાર વગર રહેવું પડયું તે પછી ઋષભદેવ ગજપુરનગરમાં આવ્યા ત્યાં બાહુબલીના કુમાર સોમયશાનું રાજ્ય હતું. તેમના પુત્ર શ્રેયાંશકુમારને ભગવાનનો વેશ જોતા જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિ-સ્મરણ જ્ઞાનથી વહોરાવવાનો વિધિ જાણીને તે વખતે ઇક્ષુરસના ઘડાઓ હાજર હતા તે ભગવતને ખોલવામાં વહોરાવ્યા અને ભગવતે તે દિવસે ( વૈશાખ શુદ ૩ ) વરસી તપનું પારણું કર્યું તે દિવસ ધન્ય દિવસ બની ગયો. તે દિવસનું દાન અક્ષય થવાથી તે દિવસ 'અક્ષય તૃતીયા''ના નામથી પ્રસિદ્ધ થયો. જે આજે પણ ચાલ્યો આવે છે.

સર્વે લોકોને દાન દેવાનો વિધિ શ્રેયાંસે જાતિસ્મરણ જ્ઞાનથી શીખવ્યા. તે પછી લોકો સાધુઓને નિર્દોષ આહાર વહોરાવવા લાગ્યા.


એવી રીતે ત્રીજા આરાના અતમાં અને ઋષભદેવના રાજયકાળમાં આ ભરતક્ષેત્ર સાક્ષાત મહાવિદેહ ક્ષેત્ર હોય તેવું થઈ પડયું.

卐-(૪)-卐

For Private And Personal Use Only

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



આ પ્રમાણે પાપના પર્વતરૂપ તે પર્વતથકી યાજ્ઞિક બ્રાહ્મણોએ હિંસાત્મક યજ્ઞો પ્રવર્ત્તાવ્યા છે, તે તમારે અટકાવવા યોગ્ય છે." આવાં નારદનાં વચન અંગીકાર કરી સત્કારપૂર્વક તેને વિદાય કરીને રાવણે મરુતરાજાને ક્ષમા આપી. મરુત રાવણને નમીને બોલ્યો—"હે સ્વામી! આ કૃપાનો ભંડાર પુરુષ કોણ હતો કે જેણે આ પાપમાંથી અમને તમારી પાસે નિવૃત્ત કરાવ્યા?" આવા તેના પ્રશ્નથી રાવણ નારદની ઉત્પત્તિ કહેવા લાગ્યા—

બ્રહ્મરુચિ નામે બ્રાહ્મણ હતો તે તાપસ થયો હતો, છતાં કૂર્મી નામે સ્ત્રી સગર્ભા થઈ એક વખતે તેને ઘેર સાધુઓ આવ્યા તેમાંથી એક સાધુ બોલ્યા કે– "તમોએ સંસારના ભયથી ગૃહવાસનો ત્યાગ કર્યો તે તો બહુ સારૂં કર્યું, પણ ફરી વાર સ્ત્રીનો સંગ રાખીને વિષયમાં ચિત્તને લુબ્ધ કરો છો, ત્યારે ગૃહવાસથી આ વનવાસ શી રીતે શ્રેષ્ઠ ગણાય?" તે સાંભળી બ્રહ્મરુચિએ જિનશાસનનો સ્વીકાર કરીને દીક્ષા લીધી અને તે કૂર્મી પરમ શ્રાવિકા થઇ મિથ્યાત્વને છોડી ત્યાં જ રહીને તેણે એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્રે જન્મસમયે રૂદન કર્યું નહોતું તેથી તેનું નામ નારદ પાડ્યું એકદા તે કુર્મી બીજે ગઈ હતી તેવા સમયે જાંભક દેવતાએ તેના પુત્રને હરી લીધો. એટલે પુત્રશોકથી તેણે ઇંદુમાળા નામની આર્યા પાસે જઇને દીક્ષા લીધી. જાંભક દેવતાઓએ તે પુત્રને ઉછેર્યો અને શાસ્ત્ર ભણાવ્યાં પછી અનુક્રમે તેને આકાશગામિની વિદ્યા આપી. શ્રાવકનાં અણુવ્રત ધરતો એ પુત્ર યૌવનવયને પ્રાપ્ત થયો. મસ્તક પર શિખા રાખવાથી એ યતિ કે ગૃહસ્થ ગણાતો નથી. તે નારદ કલહ જોવાનો આકાંક્ષી છે, ગીત અને નૃત્યનો શોખીન છે અને હંમેશાં કામદેવની ચેષ્ટાથી રહિત છતાં અતિ વાચાલ અને અતિ વત્સલ છે, વીર અને કામુક પુરુષોની વચ્ચે તે સંધી ને વિગ્રહ કરાવે છે, હાથમાં છત્ર, અક્ષમાળા અને કમંડળુ રાખે છે અને પગમાં પાદુકા પહેરે છે, દેવતાઓએ તેને

+ જેમાં રાજાનો હોમ કરવો તે રાજસૂય યજ્ઞ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉછેર્યો છે તેથી તે પૃથ્વીમાં દેવર્ષિના નામથી પ્રખ્યાત છે અને પ્રાયઃબ્રહ્મચારી અને સ્વેચ્છાચારી છે." આ પ્રમાણે નારદની વાર્તા સાંભળી મરુત રાજાએ પોતે અજ્ઞાનથી કરેલા યજ્ઞના અપરાધને ખમાવ્યો. પછી મરુત રાજાએ કનકપ્રભા નામની પોતાની કન્યા રાવણને આપી અને રાવણ તેની સાથે પરણ્યો.

પવનની જેવો બળવાન અને મોટા પરાક્રમવાળો રાવણ મરુત રાજાના યજ્ઞનો ભંગ કરીને ત્યાંથી મથુરાનગરીએ આવ્યો. મથુરાનો રાજા હરિવાહન શિવની ત્રિશૂળધારી મધુ નામના પુત્રની સાથે રાવણની સામે આવ્યો. ભક્તિથી આવેલા હરિવાહનની સાથે કેટલીક વાર્તા કર્યા પછી રાવણે પૂછ્યું કે-'આ તમારા પુત્રને ત્રિશૂળનું આયુધ ક્યાંથી?' પિતાએ ભ્રકુટીની સંજ્ઞાથી આજ્ઞા આપી, એટલે મધુ મધુરતાથી બોલ્યો-"આ ત્રિશૂળનું આયુધ મારા પૂર્વજન્મના મિત્ર ચમરેંદ્રે મને આપેલું છે. એ આપતી વખતે ચમરેંદ્રે કહ્યું હતું કે-ધાતકીખંડ દ્વીપના ઐરાવત ક્ષેત્રમાં સતદ્વાર નગરને વિષે સુમિત્ર નામે એક રાજપુત્ર અને પ્રભવ નામે એક કુળપુત્ર હતા. આ બંને વસંત અને મદનની જેમ મિત્ર હતા. તેઓ બાલ્યવયમાં એક ગુરુની પાસે કળાભ્યાસ કરતા હતા અને અશ્વિનીકુમારની જેમ અવિયુક્તપણે સાથે રહીને ક્રીડા કરતા હતા. જ્યારે સુમિત્રકુમાર યુવાન થઈને નગરમાં રાજા થયો ત્યારે તેણે પોતાના મિત્ર પ્રભવને પોતાની જેવો સરખી સમૃદ્ધિ-વાળો કર્યો. એક વખતે સુમિત્ર રાજા અશ્વથી હરાઇ કોઇ મહાઅરણ્યમાં ગયો. ત્યાં એક પલ્લીપતિની વનમાળા નામની પુત્રીને પરણ્યો. તેને લઈ રાજા પોતાના નગરમાં આવ્યો, એટલે ઉત્કૃષ્ટ રૂપ-યૌવનવાળી તે વનમાળા પ્રભવના જોવામાં આવી. તેનુ દર્શન થયું ત્યારથી કામપીડિત થતો પ્રભવ કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ દિવસે દિવસે કૃશ થવા લાગ્યો. તેને મંત્રતંત્રથી અસાધ્ય રીતે અતિ કૃશ થતો રાજા સુમિત્રે કહ્યું-'હે બાંધવ ! તારા દિલમાં જે ચિંતા કે દુઃખ હોય તે ખુલ્લા રીતે જણાવ.' પ્રભવ કહ્યું-'હે વિભુ ! તે તમને કહી શકાય તેમ નથી; કારણ કે તે મનમાં રહ્યું છે તો પણ કુળને કલંકિત કરે છે.' જ્યારે રાજાએ અતિ આગ્રહથી પૂછ્યું ત્યારે તે બોલ્યો કે-'તમારી રાણી વનમાળા ઉપરનો અનુરાગ તે જ મારા દેહની દુર્બળતાનું કારણ છે' રાજાએ કહ્યું-'તારે માટે રાજ્યનો પણ ત્યાગ કરૂં, તો આ સ્રી કોણ માત્ર છે ? આજે જ એ સ્રી ગ્રહણ કર.' આ પ્રમાણે કહી તેને વિદાય કરીને તેની પછવાડે જ રાત્રિના પ્રારંભમાં સ્વયંદૂતીની જેમ વનમાળાને તેને ઘેર મોકલી. તેણે આવીને પ્રભવને કહ્યું-'તમને દુઃખી જોઈને રાજાએ મને તમને સોંપી દીધી છે; માટે હવે મારા પ્રાણધાર થઇને મને આજ્ઞા આપો. મારે પતિની આજ્ઞા બળવાન છે. મારા સ્વામી તમારા માટે પ્રાણને પણ છોડી દેવા તૈયાર છે, તો મારા જેવી દાસી કોણ માત્ર છે ? તો હવે તમે ઉદાસ થઈને કેમ જુઓ છો ?' પ્રભવ બોલ્યો-'અરે ! મને નિર્લજ્જને ધિક્કાર છે !

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

[ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

"હે મિત્ર! ચિરકાળથી હું આ નગરનો રહેવાસી છું. અમુક સમય બહાર ફરીને પાછો પક્ષી જેમ પોતાના માળામાં આવે તેમ મારે વતન આવું છું તું મારો પ્રિય મિત્ર છે, તો મારી મિત્રાઈ ભુલતો ના. કોઈ વખતે સંકટ આવે ત્યારે મને સંભારજે, ને હું તને એક અમૂલ્ય વસ્તુ આપું છું તે લે" એમ કહી તેને થોડા જવ આપ્યા.

"આ યવનો શો ગુણ છે?" ધર્મદત્તે પૂછ્યું.

"જો સાંભળ. આ રહસ્ય કોઇની આગળ કહેતો નહીં આપણી મિત્રતાની નિશાની-સૂચક આ યવ જાણજે હે મિત્ર! મંત્રવડે પવિત્ર કરેલા આ યવ જળવડે સિંચન કર્યા છતાં ઝટ ઊગે છે, ફળે છે, જેમ અત્યુગ્ર પુણ્ય-પાપનું તરત ફળ મળે તેમ આ જલદી ઊગે તેવા છે." એમ કહીને વરરુચિ મિત્રને યવ આપી પોતાનાં બાળબચ્ચાંને અને પ્રિયાને જોવાને આતુર થયો છતો પોતાને ઘરે ચાલ્યો ગયો. ધર્મદત્ત પણ યવ પોતાની સ્ત્રીને આપી રાજદરબારમાં જવાને ચાલ્યો.

રાજયોગ્ય ભેટણું લઇને સદાચારી એવો ધર્મદત્ત રાજગઢના સિંહદ્વાર સુધી આવ્યો તેણે દ્વારપાળને જણાવવાથી તે રાજા પાસે ગયો દ્વારપાળે રાજાને નમીને કહ્યું: "હે દેવ! કોઈ એક ઇભ્ય આપના દર્શનની ઇચ્છાએ સિંહદ્વારે ઉભો છે."

"તેને ઝટ લાવ" રાજાએ હુકમ કર્યો.

ભમરો જેમ સુગંધથી આકર્ષાયો છતો પુષ્પ તરફ જાય, તેમ વેત્રી (દ્વારપાળ) શ્રેષ્ઠીસુતને સભામાં તેડી લાવ્યો ધર્મદત્ત રાજસભામાં આવી સિંહાસન આગળ રહેલા પાદપીઠ ઉપર ભેટણું મૂકીને રાજાને નમ્યો. રાજાની પાસે એક આસન મૂકેલું હતું તેની ઉપર રાજાની આજ્ઞાથી બેઠો ને બન્ને વાર્તાલાપ કરવા લાગ્યા. ભક્તિએ અને સ્નેહમય વાણીએ તેણે રાજાને ખુશી કર્યો, જેથી રાજાએ તેનો કર માફ કર્યો. "જગતમાં ગુણીજન કયાં પૂજાને પામતા નથી?" રાજાએ તેને કહ્યું કે 'જ્યાંસુધી તમે અહીં રહો ત્યાંસુધી તમારે મારી કચેરીમાં દરરોજ આવવું.' રાજાનો આદેશ તેણે અંગીકાર કર્યો.


રાજાએ પ્રસન્ન થઇને શ્રેષ્ઠીસુતને નગરની મધ્યમાં રહેલો ત્રણ ભૂમિકાનો પ્રાસાદ રહેવાને આપ્યો. ત્યાં રહીને તે નગરના વ્યાપારીઓ સાથે ક્રયવિક્રય કરવા લાગ્યો. એમ વ્યાપાર રોજગાર કરતાં ધર્મદત્તને **ગંગદત્ત** નામના એક નીચ જન સાથે મિત્રતાની ગાંઠ બંધાણી તે મિત્રાઇ ભિલ્લ ને રંભાની જેમ, રાહુ ને ચંદ્રમાની માફક, બિલાડી ને હંસની પેઠે અને અગ્નિ ને વૃક્ષની માફક જણાવા લાગી લોકોએ તેને ઘણો સમજાવ્યો કે "એ ધૂર્ત-ઠગારા અને ક્રુર ચિત્તવાળા સાથે તમારે મિત્રતા ન હોય, એની સોબત તમને યોગ્ય નથી." છતાં પણ તેણે ત્યાગ કર્યો નહિ. (ચાલુ ૯ મા પાને)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માર્ચ ૧૯૭૫માં લેવાયેલ એસ. એસ. સી. પરીક્ષામાં ભાવનગર કેન્દ્રમાં તથા જૈન જ્ઞાતિમાં



પ્રથમ આવેલ

**શ્રી હરેશ કાન્તિલાલ શાહ**

શ્રી હરેશ કાન્તિલાલ શાહ ૭૦૦ માંથી ૫૮૨ ગુણ (૮૩.૧૪ ટકા) મેળવી ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવેલ છે. તેઓએ જસવંતસિંહજી સ્કોલરશીપ મેળવેલ છે. ઘરશાળા હાઈસ્કુલના તેજસ્વી વિદ્યાર્થી વાણિજ્યનો અભ્યાસ કરી C. A. થવાની મહત્વકાંક્ષા સેવે છે. તેઓ જૈન ઇતિહાસ અને ધાર્મિક અભ્યાસમાં ઊંડો રસ ધરાવે છે. તેઓ આપણી સભાના સેક્રેટરી શ્રી દીપચંદભાઈ જીવણલાલના પૌત્ર થાય છે



તૃતીય આવેલ

**કુ. શૈલા નવિનચંદ્ર શાહ**

કુ શૈલા નવિનચંદ્ર શાહ ૭૦૦ માંથી ૫૬૬ ગુણ (૮૦.૧૬ ટકા) મેળવી ભાવનગર કેન્દ્રમાં તૃતીય આવેલ છે ઘરશાળા હાઈસ્કુલની અતિ તેજસ્વી વિદ્યાર્થીની અત્યાર સુધીની તમામ પરીક્ષાઓમાં પ્રથમ આવેલ છે તેને ધાર્મિક અભ્યાસમાં ઊંડો રસ છે તેઓ વિજ્ઞાનનો અભ્યાસ કરી. ડોકટર બનવાની ઈચ્છા રાખે છે, અને તે આપણી સભાના સેક્રેટરી શાહ દીપચંદ જીવણલાલની ભાણેજ થાય છે.

## સાધર્મિક ભક્તિ

હજુ આપણે સાધર્મિક ભક્તિ પ્રત્યે ઘણા ઉદાશીન છીએ આપણે આપણા નાણાંનો એક ટકો પણ પૂરો સાધર્મિક ભક્તિ પ્રત્યે ખર્ચતા નથી સાધર્મિક પ્રત્યેની ઉદાશીનતાએ ભવિષ્યમાં ખતરનાક પરીણામ લાવશે અને આપણા સાધર્મિક બંધુઓ જૈન ધર્મથી વિખુટા પડી જશે. અને એ રીતે આપણી શકિત (જૈનોની શકિત) ઓછી થશે.

—બળવંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હઠીલો-પાપી

લે૦ આચાર્યદેવશ્રી અશોકચંદ્રસૂરિજી મ૦ સા૦ (ડહેલાવાળા)

ત્રીજો પ્રકાર હઠીલો પાપીનો છે આવો વર્ગ પાપને પાપ સમજે છે. દુઃખી થાય છે. છતાં પણ તે પાપાચરણ છોડી શકતો નથી તેની દશા મધનાં લોભે મોઢાને લાખતાં રીંછ જેવી હોય છે

મધ ઘણું ગરમ હોય છે. તો પણ રીંછ તેમાં મોઢું નાખે છે. દાઝે છે છતાં તે ફરી મોઢુ નાખે છે. એવીજ રીતે હઠીલો પાપી પાપ વડે માર ખાય કે-નુકશાન સહન કરે તો પણ તે પાપથી પાછો હઠતો નથી. અને ફરી તેવીજ પ્રવૃત્તિ આદરે છે. જુગારી અને વ્યસની જાણે છે કે વ્યસનનાં કારણે અને જુગારના કારણે તેઓ પાયમાલ થાય છે. છતાં પણ તેઓ પોતાની ટેવને છોડી શકતા નથી. વ્યભિચારી માનવી વિચારે છે કે વ્યભિચાર વડે હું આર્થિક રીતે તેમજ શારીરિક રીતે ઘસાઇ રહ્યો છું: આબરૂનું લીલામ થાય છે. આમ જાણવા છતાં તે વ્યભિચાર છોડી શકતો નથી આતો વ્યસનોની ગુલામીની વાત થઈ હઠીલા પાપીનાં બીજા પણ ઘણા કીસ્સાઓ મળી આવશે. ન્યાતનાં શેઠીયાઓ જાણતા હોય કે કેટલાક નિયમો ગરીબ અને રાંડીરાંડના નિઃસાસા અપાવનારા છે. છતાં પણ તેઓ શેઠાઈના અભિમાનને પોષવા તેમાં ફેરફાર કરતાં નથી લોભી જાણે છે કે કોઇ મરીને પૈસો સાથે લઇ ગયો નથી છતાં પણ તે પૈસાનો સદુપયોગ કરી શકતો નથી.

આ બધા પ્રકારો એવા પાપીઓના છે કે તેઓ પાપ કરે છે. એમ જાણવા છતાં પણ એવા હઠીલા બની ગયા હોય છે કે તેઓ પાપને મુકી શકતા નથી. કુતરાની પૂંછડી વાંકી હોય તે વાંકીને વાકીજ રહે છે. તેને જમીનમાં દાટી રાખવામાં આવે અને પાછી કાઢવામાં આવે તો પણ તે વાંકીને વાંકી જ રહે. તેવી રીતે આ પ્રકારના પાપી નુકશાન ભોગવે ચિંતા સહન કરે તો પણ પાછા તેના તેજ આ પ્રકાર ઘણોજ ભયંકર છે.

---

ધર્મદત્ત ન હોય ત્યારે પણ કપટનું મંદિર એવો તે ગંગદત્ત સુરૂપાની સાથે હાસ્યવિનોદ કરતો ઠઠ્ઠા-મશ્કરીમાં સમય વીતાડતો હતો. તે જાણતાં છતાં પણ સરલાશયી ધર્મદત્ત તેને રોકતો નહીં, કેમકે 'જે સાધુ હોય છે તે બીજાને સાધુ જ જુએ છે.' અવસર પામીને તે ગંગદત્ત સુરૂપામાં લુબ્ધ થયો. તેમની વચમાં કંઈપર આમન્યા રહી નહીં. લોકોથકી તેનું દુશ્ચરિત સાંભળીને ઋજુ એવો ધર્મદત્ત વિચારવા લાગ્યો કે "લોકો બીજાનાં કાર્યમાં નાહક દખલ કરનારા હોય છે. પોતાને ઘરે જમતાં છતાં તે પરની નિંદામાં તત્પર જણાય છે. અમારા બન્નેની મિત્રતા તેઓ સહી શકતા નથી અને તેથી મારા પણ દોષ બોલવામાં તેઓ મણા રાખતા નથી." (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇંટ અને ઇમારત

લેખક : અમરચંદ માવજી શાહ

મહાવીર પ્રાસાદ વીસ વીરહમાન પ્રાસાદ બાજુની જૈન ધર્મશાળાનો જીર્ણોદ્ધાર આમ એક સાથે ચોતરફ જીર્ણોદ્ધારનું મહાન કાર્ય શરૂ થઈ ગયું. પાણીની સગવડ માટે 'શાંતિકુંડ' આ બધી યોજનાઓમાં શ્રીમાનોની મોટી રકમોની મદદો તેમજ ભાવનગર શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢીની, ગોડીજી દેરાસર મુંબઈથી મદદો મળી ને આ વિકાસ ચાલુ થયો. યાત્રિકોનું આવાગમન વધ્યું જૈન વિદ્યાર્થીગૃહ માટે પૂ શેઠશ્રી ભોગીલાલ-ભાઈ સાહેબ શેઠશ્રી મોહનલાલ તારાચંદ તથા કમિટીના સભ્યોએ મુંબઇમાં મોટુ ફંડ જુજ દિવસોમાં કર્યું. ભોજનશાળાની તિથિઓ માટે શેઠ વાડીલાલ દેવચંદ અમદાવાદ-વાળા તથા શેઠ પરશોતમ માવજીભાઇ સાંગાણાવાળાએ જહેમત શરૂ કરી જીર્ણોદ્ધારના કાર્યમાં શેઠ વીરચંદભાઈ કરશનદાસ વી. તથા શેઠ ખાંતીલાલ અમદચંદની દેખરેખને માર્ગદર્શનથી આ જિનાલયો તૈયાર થયા. તેની પ્રતિષ્ઠા સંવત ૨૦૧૦ ના વૈશાખ સુદી ૫ ના ખુબજ ભવ્યા નિર્ભય થઈ તેજ પ્રસંગ અગાઉ તેજ નિમિત્તે મારી નિમણુક શ્રી તાલધ્વજ જૈન શ્વે૦ તીર્થ કમિટીમાં મુનીમ તરીકે થઈ ને હું પોષ સુદી ૧૩ ના ભાવનગરથી તળાજા આવી સુકાન સંભાળી લીધું વ્યવસ્થીત પ્રચારને વ્યવસ્થાથી સારી ઉપજ થઈ બાળ જીનાલય ખાતે તુટો હતો, કુંડમાં તુટો હતો બીજા પેઢીના ચાલુ ખાતાઓમાં તુટો હતો તે બધા વ્યવસ્થિત થઇ ગયા. હજુ આ સંસ્થામાં જીર્ણોદ્ધારના કામો ઘણા બાકી હતા. નૂતન બાવન જીનાલયની દેરીઓ થયેલી પરંતુ મઠારકામ, આરસકામ બધુ બાકી હતું બાજુની ધર્મશાળા બહુજ જર્જરીત થયેલી હતી. તેનો પશ્ચિમ ભાગ કપાણમાં હતો તે કપાણ મકાન પાડીને આપી દીધું પણ ચણાવવા માટે પૈસાની ખેંચ હતી એટલે પ્લીથ કમાનો કરી રાખી મુકી યોજનાઓ કરી પણ તેમાં કાંઇ મદદ મળી નહિ.

પૂજ્ય કુંવરજીભાઈ આણંદજી ભાવનગરમાં જ્યારે હું હતો અને પાંજરાપોળની નિભાવની નાની નાની યોજનાઓ કરતો અને તેમાં સારી સફળતા મળતી મુંબઇમાં શ્રી જીવદયા મંડળમાં પૂજ્ય લલ્લુભાઇ દીપચંદ ઝવેરી તથા રા. બ. જયંતિલાલ માન્કર પણ આવી નાની યોજનાઓથી સારી રકમો મેળવતા ત્યારે તેઓ જણાવતા કે 'અમરચંદ નાના કોળીયે વધુ જમાય' એ વાકય મારા મનમાં તો રમતુ હતુ પણ મારા કાર્યમાં પણ મેં વણી લીધેલું હતું.

**'ઇંટયજ્ઞ'** નામથી એક નાની યોજના યાત્રિકો સમક્ષ રજુ કરી. રૂા. ૨૦) માં એક હજાર ઇંટ કોઇ રૂા. ૫) આપે તો પણ લેવા શરૂ કર્યા આ યોજનાઓનો યાત્રા-ળુઓને ખુશ કરી દીધાને બેત્રણ હજાર જમા થઇ ગયા. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

ઉંઝા ફાર્મસીવાળા શેઠ ભોગીલાલભાઇ નગીનદાસ સંવત ૨૦૩૧ ના ફાગણ શુદ ૧૨ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસની નોંધ લેતા અમો ઉંડી દીલગીરી વ્યકત કરીએ છીએ. તેઓ આયુર્વેદના વિકાસમાં તેમનો મોટો ફાળો છે તેઓ આધ્યાત્મીક દીર્ઘદ્રષ્ટી અને ઉચ્ચ બુદ્ધી પ્રતિભા ધરાવતા હતા. તેઓ ધાર્મિક પ્રકૃતિ ધરાવતા હતા અને શ્રીમદ્ રાજચંદ્રજીના અનન્ય ભક્ત હતા. તેઓના અવસાનથી આપણે એક આયુર્વેદ-પ્રેમી અને ધાર્મિક દયાળુ અને બાહોશ વહીવટકર્તાની આપણને ખોટ પડી છે આપણી સભાના સભ્ય બંધુઓને ભેટ આપવા માટે ઘણા વર્ષથી તેમના તરફથી પંચાગો મોકલાય છે તે આ સભાના આજીવન સભ્ય હતા આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ તેમના કુટુંબીજનોને શક્તિ આપે તેઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

o o o o

મોરબી મુકામે ડૉ. વલ્લભભાઈ નેણશીભાઈ મેતા તા. ૩-૫-૭૫ સંવત ૨૦૩૧ના ચૈત્ર વદ ૮ ને શનીવારના રોજ સ્વર્ગવાસની નોંધ લેતા અમો ઉંડી દીલગીરી વ્યકત કરીએ છીએ આપણી સભાના ઘણા વર્ષોથી આજીવન સભ્ય હતા. તેઓ અમારા માસીકમાં અવાર-નવાર ધાર્મિક તેમજ આયુર્વેદિક લેખો લખતા હતા. તેઓના અવશાનથી જૈન સમાજે એક મહાન તત્તચિંતક તથા ધાર્મિક ભાવનાવાળા સંત્ચારિત્રી પુરૂષની ખોટ પડી છે. અમો તેમના આત્માની પરમ શાન્તી પ્રાર્થીએ છીએ.

## ※ શ્રીમંતાઈનું પ્રદર્શન ※

હજુ સુખી ગણાતા ઘણા લોકો પોતાને ત્યા જ્યારે લગ્ન પ્રસંગ જેવા પ્રસંગો આવે છે. ત્યારે કમસે કમ લગભગ રૂપીયા પચ્ચાસ હજાર સુધીના લગ્નના ખર્ચા અથવા તેથી અધીક પણ કરતા હોય છે. આ લોકો હવે સમજે અને ખોટા ખર્ચાઓ બંધ કરે તો એ લોકોની સમાજ ઉપર એક મોટી સેવા કરી ગણાશે. એ રીતે એ સમય સુચક નહિ પણ સમય સુચક બન્યા ગણાશે.

—બળવંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિરસામથ્થ એણ વંદામિ

**સ્વ. ડાયાભાઈ મોતીચંદભાઇ વકીલ**

આ પદ અઠ્ઠાઇજ્જેસુ સૂત્રના છેલ્લા પદમાં આવે છે તેમાં અઢીદ્વીપમાં અને પંદર કર્મ ભૂમિમાં જે સાધુઓ અને મુનિરાજો હોય તેને વંદના કરવામાં આવી છે. તે સાધુઓનું વર્ણન આપવામાં આવ્યું છે. રજોહરણ એટલે ઓઘો (ચરવળા) વિ. ધારણ કરવાવાળા છે પાંચ મહાવ્રતને ધારવાવાળા છે. અઢાર હજાર શીલાંગ રથને ધારવાવાળા છે (આનું વર્ણન વિસ્તારપૂર્વક બીજે આપવામાં આવ્યું છે.) અખંડ ચરિત્રને ધારણ કરવાવાળા છે. એવા સાધુઓને લલાટ વડે થીકી વડે અને મસ્તક વડે પ્રણામ કરવામાં આવ્યા છે આ સૂત્ર ફકત શ્રાવકોનેજ બોલવાનુ કહ્યું છે.

પાક્ષિક ચૌમાસી અને સંવત્સરિક પ્રતિક્રમણોના પાક્ષિક પ્રતિક્રમણોની વિધિ પૂરી થતાં ચાર ખામણાં બોલવામાં આવે છે તેમાં પહેલા બે અને ચોથા ખામણાને એને પણ ઉપર જણાવેલું પદ બોલવામાં આવે છે તેનો ભાવાર્થ પણ ઉપર જણાવ્યા મુજબનો છે. જયારે ત્રીજામાં મિચ્છામિ દુક્કડમ બોલાય છે. સાધુઓને લગતું જાવંત કેવિ સાહુ સૂત્ર પણ આપણામાં જોવામાં આવે છે. એ સૂત્રમાં પણ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં ચોથે પંદર કર્મ ભૂમિમાં પણ વિચરતા હોય તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

વિશેષમાં ઉપર જણાવેલું સૂત્ર જાવંત કેવિ સાહુ વાળુ અને જાવંતિ ચેઈઆઇવાળુ સૂત્ર પણ વંદિતા સૂત્રની ૪૫ અને ૪૪ ગાથાઓમાં પણ જોવામાં આવે છે તેઓ સર્વે સાધુઓને મન વચન અને કાયાથી વંદન કરવામાં આવ્યું છે.

ત્રીજા વિશેષ ઇચ્છામિ ખમાસમણ સૂત્રમાં પણ એજ ભાવાર્થ સમાયેલો છે વિશેષ ઇચ્છામિ ખમાસમણવાળા સુગુરૂમાં ઘણા સૂત્રમાં પણ લગભગ એવોજ ભાવો સમાવાય છે મારાથી બન્યા સૂત્રો ઉપર મુજબ જણાવ્યા છે બાકીના રહી ગયેલા સૂત્રો ઉપર વિશેષજ્ઞો પ્રભાવ પાડશે એવી આશા રાખુ છું.


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

### વિદ્યાર્થિની શિષ્ય વૃત્તિ : ૧૯૭૫

સને ૧૯૭૫ ના માર્ચમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ.એસ.સી. ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક એક જૈન વિદ્યાર્થીનીને રૂા. ૩૦૦/-ની શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની શિષ્યવૃત્તિ આપવાની છે એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે. જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ મી જુલાઇ છે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુરૂ પટ્ટાવલી ચૌપાઇ સંબંધી સ્પષ્ટીકરણ

લે૦- શ્રી અગર ચંદનાહટા

મુદ્રણ કી ગલતી કે કારણ કુછ મહત્વપૂર્ણ અશુદ્ધિયાં કાપડિયા જીકે લેખમેં છપ ગઈ હૈ જેસે વર્ધમાનસૂરિકી જયદ્ર બર્તમાનસૂરિજીનપટમ સૂરિકી જગહ જિનપ્રસન્ન-સૂરિ પૃષ્ઠ ૫૪ જિનદતસૂરિ કી જગહ જિનદંતસૂરિ, જિનવર્દ્ધન સૂરિકા શકાર ઉડ ગયા હૈ ।

પ્રથમ જિનેશ્વર સૂરિ કે બાદ મેં નીચે વિવરણ દેતે હુ જિનચંદ્રસૂરિકા નામ છૂટ ગયા હૈ ।

અંતમે કાપડિયાજીને લિખા હૈ "આવિ અન લગભગ આટલી તો પ્રાચીન કોઇ પટ્ટાવલી, ગુરૂવાદિલી પદ્યમા ગુજરાતી મેં છે કેમ તે હાલ તુરંત હું શોચ કરુ છું । દરમ્યાનમાં કોઈ સહૃદય સાક્ષાર ન એની ખબર હોય તો તેવો મેનેં તે સુચવાં કૃપા કરે"

અતઃ મેં ઉનકો યહ સૂચના કરના ચાહતા હું કી એસી એક નહીં અનેક ગુર્વાવલિયાં પ્રાપ્ત હૈ। હમારે સંપાદિત એસી ચાર પાંચ રચનાએ કેવલ ખરતર ગચ્છકી ૧૮ વી ૯ એવં ઈસસે પહલે કી પ્રકાશિત હો ચુકી હૈ। સબસે પહલી રચના હમારે ઉક્ત ગ્રન્થ કે પૃષ્ઠ ૪૧ મેં શ્રી જિનપ્રભસૂરિ ગુરુ પરંપરા કે નામ સે ૧૫ વીં શતાબ્દી કે પ્રારંભ કી છપી હૈ વેસે ઇસસે પહલે કી ભી ખરતર ગુરુવર્ણન છપે પૃષ્ઠ ૨૩ સે ૩૩ મેં છપે હેં ૧૫ વીં શતાબ્દી કી ઉતરાર્દ્ધકી રચના ખરતર ગચ્છ પટ્ટાવલી કે નામ સે પૃષ્ઠ ૪૩ સે ૪૮ મેં છપી હૈ.

કાપડિયાને ૧૮ વીં શતાબ્દી કી જિસગુરૂ પટ્ટાવલીકો લક્ષ કરકે યહ લેખ લિખા હૈ ઉસી તરહ કી ૧૮ વીં શતાબ્દી કી હી પાંચ અન્ય રચનાઉં હમારે ગ્રંથ કે પૃષ્ઠ ૨૧૫ સે ૨૮૮ મેં છપી હૈ અપ્રકાશિત રચનાએં કુછ ઔર ભી હમે પ્રાપ્ત હૈં તથા અન્ય ગચ્છો કે ભી મિલેંગી। અતઃ એસી ગુરુ પટ્ટાવલી નામક રચનાઓં કી એક લેખી પરંપરા રહી ।

કાપડિયાજીને ઉસ ભાષાકી રચના ગુજરાતી માની હૈ પર વાસ્તવ મેં વહ રાજસ્થાની હી હૈ કયોંકી સં. ૧૬૬૯ મેં રાજસુંદરને સ્વયં ઇસકી પ્રતિ દેવકુલન પાટન અર્થાત મેવાડ કે દેલવાડે મેં શ્રાવિકા થોભવ દે કે લિએ લિખી હૈ અતઃ ઈસકા રચના એ વં લેખન રાજસ્થાન મેં હી હુઆ હૈ।

જેસા કી રાજસ્થાની પદ્યમેં લીખી હુઈ ખરતર ગુર્વાવલિયોં પટ્ટાવલીયોં કે સંબંધ મેં મેંને ઉપર લિખા હૈ વેસી કઈ છોટી બડી રચનાએં પટ્ટાવલી સમુચ્ચય ભાગ ૨ મેં પ્રકાશિત હો ચુકી હેં । (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગયા અંકથી ચાલુ )

# વિશ્વમાન્ય ધર્મ

( દોહરા )

સજજનતા સોંઘી મળે
દુર્જનતા દુર્લભ
મનુષ્યત્વ મોઘું મળે
પાપ પશુત્વ સુલભ....૧૭૩

સોવાલની વાત એક
કરે સજ્જન જગમાય
વાત એકની વાત સો
કરે દુર્જન જગ સ્હાય....૨૭૪

ભોંય પથારી શું પડે?
સજ્જન નર જગ માંય
લુંટે કોણ અપરી મહી
જંગલ મંગલ જાય....૧૭૫

પંચ પ્રસંસા સાંભળી
જગ જન મન ફુલાય
સત્યા સત્ય નવ પારખે
આખર નિંદે સુકાય...૧૭૬

ચુંક ચુડી ને ચાંદલો
પતી વૃતાનું ધન
ગાડી વાડી ધન બંગલેઃ
નારી કુભાર્યા મન....૧૭૭

નારી બુદ્ધી પાનીયે
છાતી બુદ્ધી નર
સતિ બુદ્ધી શીર ચાટલે
લીંગ બુદ્ધી નર ખાર....૧૭૮

રચયીતા : **શાહ ચતુર્ભુજ હરજીવનદાસ** ( ક્રમશઃ)


## "પાવન પંથ" સ્મારિકા કે લિયે લેખ, નિબન્ધ ઈત્યાદિ"

ભગવાન મહાવીરકી પચ્ચીસવી નિર્વાણ શતાબ્દી મહોત્સવ કે પુનિત અવસર પર, શ્રી મહાવીર પરિષદ્ હુબલી દ્વારા શીઘ્રહી 'પાવન પંથ' નામક એક સુંદર વ સચિત્ર પુસ્તિકા (સ્મારિકા) કા પ્રકાશન હો રહા હૈ. જિસકા મુખ્ય ઉદ્દેશ્ય જૈન ધર્મ-તત્વ વ સાહિત્ય કા પચાર વ પ્રસાર કરના ઔર સમગ્ર જૈન સમાજમેં એકતા, બન્ધુત્વ એવમ્ સૌહાર્દિતઃ કો બઢાવા દેના હૈ।

અતઃ આપ સબ મહાનુભાવોં સે નમ્ર નિવેદત હૈ કિ ઇસ પ્રકાશ્ય સ્મારિકા કે લિયે ભગવાન મહાવીર વ જૈન ધર્મ સમ્બંધિત લેખ, કવિતાએં, જીવન ચરિત્ર. નાટક ભાષ્ય પ્રેરક પ્રસંગ, ફોટો, ઐતિહાસિક જૈન ભગ્નાવશેષ, ખંડહર ગુફાએં, જીર્ણ-શિર્ણ પુરાતન ચૈત્ય, વિહાર ઇત્યાદિકી જાનકારી ઔર આધુનિક સંદર્ભ મેં જૈન સિદ્ધાન્તો કી આવશ્યકતા ઈત્યાદિ વિષયોં પર મૌલિક લેખ લિખ કર નીચે લિખે પતે પર ભેજ કર અપના અમૂલ્ય સહયોગ દેં।

યહ સ્મારિકા જનસાધારણ મેં નિઃશુલ્ક વિતરીત કી જાયેગી।

અધ્યક્ષ
**શ્રી મહાવીર પરિષદ્**
૨૬, કંચગારહલ્લી, **હુબલી-૨૦**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

# વિવેક

( દિનાનાથ દયાળ નટવર હાથ મારો મુકશોમાં—એ રાગ )

ઉદ્યમ કર્મ સમાન, મન તું માન સુખ દુઃખ જીવનમાં....ઉદ્યમ—એ ટેક
સુખ ભોગવતાં જો આવડે તો દુઃખે નવ ગભરાય તે
ધરે હિંમત જો દુઃખમાં તો નવ ઉભરાયે સુખમાં તે....ઉદ્યમ—૧
ખાય ધુળ કરીને ધાન્ય ને ગરીબ કે શ્રીમંતમાં
કાઢે દોષ નશીબ દુઃખ, ઉદ્યમ વિણ હિંમતમાં તો...ઉદ્યમ—૨
ખાય ધાન્ય કરી ને ધૂળને ગરીબ કે શ્રીમંતમાં
અર્થીક સુખ જીવન વધે, નશીબ વિણ કીંમતમાં તો....ઉદ્યમ—૩
સુખમાં દુઃખને રાખીયે; દુઃખમાં સુખને રાખીએ
તો સુખદુઃખ અનુભવ ભાખીએ સ્વપર ચતુર વિવેકમાંતો....ઉદ્યમ—૪

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ

## નવકારનું મંગલાચરણ

નવકાર સમો કોઈ મંત્ર નથી
એના સમ એકે તંત્ર નથી
જેની આદી કે અંત નથી
નવકાર ગણો નવકાર ગણો

રચયીતા : સ્વ. મા. શા. હે. દેશાઈ

૯૨ વર્ષથી નિયમિત પ્રગટ થતુ જૈન સમાજનું જુનામાં જુનું ધાર્મિક ને નૈતિક માસીક

* શ્રી જૈન ધર્મ પ્રકાશ *

— હંમેશા વાંચવાનો આગ્રહ રાખો —

વાર્ષિક લવાજમ માત્ર ૬-૫૦ પૈસા

—: લખો :—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only